<u>ક્રીમીનલ કેસ નં.૫૬/૨૦૨૬</u>

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) ફરીયાદીને સાંભળ્યાં, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે લોક અદાલતના સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી/ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, આરોપી હાજર રહેતા નથી. ફરીયાદી/ભોગ બનનાર **આંક–૩** વાળી પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુદ્ધનો ગુનો કંપાઉન્ડ(દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓએ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજૂર રાખેલ છે.

(૨) ઉપરોક્ત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપી કેસના સમન્સ બજ્યો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજૂ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કંપાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

(૧) વાય.બી.બેજુ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૮ ક્રિ.લો.જ.–૯૨૮

(૨) યેસુદાસ અને બીજા વિરુદ્ધ સબ–ઈન્સ્પેક્ટર ઓફ પોલિસ કલાલમસરીઅન બીજા ક્રિ.લો.જ.–૧૨૯૦

(૩) સદર ઓથોરીટીઓમાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(અ) ક્રિ.પો. કોડ કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે, અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બ) ક્રિ.પો. કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનનીમ અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યક્તિ માત્રની સહી થઈ શકે.

(ક) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગબનનાર તથા આરોપીની સંયુક્ત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડ) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ માં ગુનો કંપાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લેતા પહેલા ઈન્વેટીગેશનના સ્ટેજ પર થઈ શકે.

(૩) આમ, ઉપરોક્ત ઓથોરીટીમાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લીધા સદર સિદ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી. તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકત ધ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઇ વ્યક્તિના કોઇ હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઇ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કંપાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજૂર કરવાથી અર્થહિન થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે, માટે ઉપરોક્ત તમામ પાસાને ધ્યાને લઇ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ અન્વયે તેમની સામે નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના જામીન ખત અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:–૧૪–૦૩–૨૦૨૬
સ્થળ – કડી.

(આર્ય રામ કુમાર)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, કડી.
[કોડ નં. જી.જે.–૦૧૩૨૪]